ફોજદારી શાખા

# -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩(૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ:**

**નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૮ /૨૦૧૮**

હુકમ :-

અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં જાહેર વ્યવસ્થા જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ગુજરાત સરકારના ગૃહ વિભાગનાં તા.૦૮.૧૧.૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭. ૦૧.૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૩૭(૩) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં **તા.૦૫.૦૨.૨૦૧૮ ના ક.૦૦.૦૦ વાગ્યાથી તા.૧૯.૦૨.૨૦૧૮ ના ક.૨૪.૦૦** વાગ્યા સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ, અગર કોઇ સભા ભરવી કે, બોલાવવી નહી તેમજ કોઇ સરઘસ કાઢવું નહી.

<u>વિસ્તાર</u> : અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

<u>અપવાદ</u> : આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ જેઓ ફરજ પર હોય તેઓ તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડતો નથી.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતનાં ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધિ કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૩૦ / ૧ /૨૦૧૮ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

(એ. કે. સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.

(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.

(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અ'વાદ.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા, અ,વાદ શહેર.

(૧૭) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૧૮) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.

(૧૯) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી રાત કરવા સારૂં.)

(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી., અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અ'વાદ શહેર.

(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૬) પો.સબ.ઇન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.